ગાંધીનગર સમાચાર



# આજે શહેરમાં કૃષ્ણભકિતનો રંગ જામશે

ગાંધીનગર તા ૪
આજે જન્માષ્ટમી... 'નંદ ઘેર ,પંચદેવ મંદિર તેમજ જલારામ ધામ સહીતના ધાર્મિક સ્થાનોએ શેરીઓથી લઈ નગરના વિવિધ મંદિરોમાં જન્માષ્ટમીની ઉજવણીનો રંગ જામશે. જન્માષ્ટમીના પર્વને અનુલક્ષી સેકટરોમાં રાસ ગરબા મટકીફોડ કૃષ્ણજન્મોત્સવ તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સેકટરો ગુજી ઉઠશે.શહેરીજનો આમ તો ઘરે ઘરે કૃષ્ણજન્મોત્સવની આયોજન કરવામાં આવ્યુ છે. જન્માષ્ટમીની ઉજવણીને અનુલક્ષી શહેરના વિવિધ મંદિરોમાં વિવિધ ધાર્મિક યોજાશે. નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના જયઘોષથી સેકટર- ૨૧ ગોવર્ધનનાથજીની હવેલીમાં નંદ મહોત્સવ રાજભોગ,સંધ્યા આરતી સહિતના કાર્યક્રમો આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૨ પંચદેવ મંદિર ખાતે પણ કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. જયારે સે-૧૬ સોમનાથ



(તસવીર : દિપક જાની)





આનંદ ભયો જય કનૈયા લાલ કી'ના જયઘોષથી નગરમાં કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. બાળકૃષ્ણને પારણામાં જુલાવી હેતે ઓવારણાં લેવા ભાવિકો ઉત્સુક બન્યા છે. શહેરમાં સે- ૨૧ ગોવર્ધનનાથજીની હવેલી જન્માષ્ટમીની ઉજવણીને અનુલક્ષી વૈવિધ્યસભર કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.નગરજનોમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણીનો થનગનાટ જોવા મળી રહયો છે. ભાવિકો ઘરે પણ પારિવારિક માહોલમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરતા હોવાથી સેકટરોની

**પંચદેવના પ્રાંગણમાં લોકમેળો યોજાશે : સેકટરોની શેરીઓ શૈક્ષણિક સંસ્થાઓ તેમજ વિવિધ ધાર્મિક સ્થાનોએ મટકી ફોડ, રાસ ગરબા કૃષ્ણજન્મોત્સવ તેમજ વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન**

ભગવાન કૃષ્ણના જન્મોત્સવની ઉજવણીને અનુલક્ષી નગરમાં ઠેર ઠેર વિવિધ કાર્યક્રમોનુ ઉજવણી કરે છે. જયારે નગરના મંદિરોમાં વિશેષ રીતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવે છે. મહાદેવ ખાતે પણ યુવા બ્રાહ્મસમાજ દ્વારા પણ જન્માષ્ટમીની

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટ-૨૨ પંચદેવ મંદિર પાસે લોકમેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગરમાં ભોળાનાથના ભક્તિ પર્વ સમાન શ્રાવણ મહિના દરમિયાન ભાવિકો શીવ ભક્તિમાં તલ્લીન બને છે. ત્યારે સાતમ-આઠમની ઉજવણીનો અનુલક્ષી પણ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. એક બાજુ નગરના વિવિધ મંદિરમાં જન્માષ્ટમીના પર્વને અનુલક્ષી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ત્યારે શહેરના પંચદેવ મંદિર પાસે પ્રતિવર્ષ આઠમ નિમિત્તે યોજાતા લોક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરમાં વર્ષમાં બે વાર લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. મહાશિવરાત્રીએ પણ પંચદેવ મંદિર ખાતે મેળો યોજાય છે. જ્યારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે આજે પણ પરંપરાગત મેળાના આયોજન માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને આ લોકમેળામાં શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડે છે. જન્માષ્ટમી નિમિત્તે યોજાતા પરંપરાગત લોકમેળામાં નોખા નોખા દશ્ય જોવા મળે છે. મેળાને પગલે હજ્જારો લોકો શહેરમાં આવતા હોવાથી મોટી સંખ્યામાં વેપારીઓ પણ અહી વેચાણઅર્થે આવે છે. જેમાં બાળકોના મનોરંજન માટે ચગડોળ, ચકરડી, રમકડાના સ્ટોલ સહિત હવે ઘરવખરીની ચીજવસ્તુનું વેચાણ પણ મેળામાં થતું જોવા મળે છે.



મેળામાં માનવ મહેરામણ ઉભરાતા હૈયાથી હૈયુ દળાય એવી ભીડ સેક્ટર-૨૨ પંચદેવ મંદિર પાસે જામે છે. લોક મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. પોલીસ જવાનો મેળા દરમિયાન ખડેપગે ફરજ બજાવે છે.

# જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ભાજપ સામે ભાજપ

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં વિવિધ કાર્યક્રમો સરકારની સૂચના શ્રીમતિ હીના પટેલની અધ્યક્ષતામાં મળેલ આજની સામાન્ય સભામાં મહિલા નેતૃત્વ દિવસ, પંચાયતના પદાધિકારીઓના પટેલ અને શકુંતલાબેન પટેલે કાર્યક્રમના આયોજનને લઈ અભિનંદન આપ્યા હતા પરંતુ કાર્યક્રમમાં સભ્યોને કેમ સામેલ ના

**સરકારી કાર્યક્રમોમાં વધારાના ખર્ચ સામે ભાજપે વાંધો લેતાં કોંગી આક્રમક બની : ભાજપના સભ્યોએ લીધેલા વાંધાથી તંત્રએ પણ ચૂપકીદી સેવી તો કોંગ્રેસના સભ્યો છવાઈ ગયા**

અંતર્ગત યોજવામાં થયેલ વધારાના ખર્ચની મંજૂરીના મુદ્દે ભાજપના જ સભ્યોએ વાંધા લેતાં કોંગ્રેસે તુરત જ વળતો હુમલો કરી પંચાયતધારાની જોગવાઈઓનો ભંગ લેખાવી સભામાં ગરમાવો લાવી દીધો હતો. સન્માન સમારોહ તેમજ મહિલા શક્તિ એવોર્ડ સમારોહમાં થયેલા ખર્ચમાં રૂ. ૧૩ લાખના વધારાના ખર્ચને સ્વભંડોળમાંથી ચૂકવવાની માંગણીના ત્રણ કામો હતા.
આ મુદ્દે ભાજપના શ્રી જયેશ કરાયા? જેવા પ્રશ્નો પુછી અને તંત્રને ભીંસમાં લીધુ હતુ.
નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી વસાવાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે સભ્યોને

● અનુસંધાન પાન-૭ પર

## સાદરા-મોતીપુરા પંચાયત વિભાજનની દરખાસ્તની સ્વીકૃતિ

સાદરા ગ્રામ પંચાયતમાંથી મોતીપુરા નવી ગ્રામ પંચાયત બનાવવાની ભલામણનો આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ સ્વીકાર કર્યો છે.
શ્રીમતિ હીના પટેલના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં આ મુદ્દો અધ્યક્ષસ્થાનેથી રજુ થયો હતો. સાદરા પંચાયતમાંથી મોતીપુરા નવી પંચાયત બનાવવાની દરખાસ્ત હવે રાજ્ય સરકારને મોકલવામાં આવશે જો તે ગ્રાહ્ય રહેશે તો જિલ્લાના ગામોની સંખ્યામાં વધારો થશે.
આજની સામાન્ય સભામાં પ્રેરણા પ્રવાસનો ખર્ચ, અધિકારીઓને સુવિધા, બાંધકામના ટેન્ડરોને બહાલી તેમજ બિન કેતીના કેસોનો સમાવેશ થાય છે. આજની સામાન્ય સભાના સચિવ તરીકે મહેસુલના નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી.પી. ચૌહાણે ફરજો બજાવી હતી.






# સામાન્ય સભામાં કોંગ્રેસના પાંચ સભ્યોની ગેરહાજરીથી રાજકીય વર્તુળોમાં ઉત્તેજના

ગાંધીનગર, તા. ૪
ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં કોંગ્રસના પાંચ સભ્યોની હેરહાજરી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાસ્પદ બની હતી.
જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં ઉપપ્રમુખશ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા સહિત પાંચ સભ્યોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.
સામાન્ય સભાની શરૂઆતમાં જિલ્લા વિકાસ અધિકારી અને ગ્રામ વિકાસ એજન્સીના નિયામકની ગેરહાજરીને લઈ વાંધો ઉઠાવી

**ખાનગીમાં બીજો બળવો લેખાવતા રાજકીય નિરીક્ષકો**

કોંગ્રેસે તેના સભ્યોની ગેરહાજરી અંગે પડદો ઢાંકવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે પછી તેણે એકાએક રણનીતિ બદલી બધીજ બાબતો સર્વાનુમતે મંજૂર કરી હતી.
આજની આ સભામાં શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા ઉપરાંત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ રાઠોડ, કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી રામાજી ઠાકોર, શ્રીમતિ આનંદીબેન બિહોલા અને શ્રીમતિ રમીલાબેન ચૌધરી ગેરહાજર રહ્યા હતા.
કોંગી સભ્યો આટલી મોટી સંખ્યામાં ગેરહાજર જોઈ ખૂણે ખાંચરે એવી પણ ચર્ચાઓ થતી હતી કે બીજો બળવો તો નથી થઈ રહ્યો ને?
ખાસ સામાન્ય સભાનો એજન્ડા ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરને નહિ મળ્યાની ફરિયાદ ઉઠી હતી અને તેઓ પણ આજની બેઠકમાં હાજર રહ્યા ન હતા.






# દહેગામમાં વધુ 3 કેસ મોયેલા ઘઉં ખાવાથી લકવાના મળ્યા

ગાંધીનગર, તા. ૪
દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં મોયેલા ઘઉ ખાવાથી થતી લકવાની અસરના આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે.
જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ચાલી રહેલા સઘન સર્વેલન્સમાં આ નવા કેસ મળી આવતાં તે તમામને સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડવામાં આવ્યા છે.
આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૪૫ જેટલી ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે અને ૬૦ હજારથી વધુ લોકોને અત્યાર સુધીમાં સર્વેલન્સમાં આવરી લેવાયા છે.
તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબના હરખજીના મુવાડામાંથી બે કેસ દહેગામના લવાર ફળીયામાંથી મળી આવ્યા છે.
તંત્ર દ્વારા એફ.એસ.એલ.ના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આ રોગના દર્દીઓને ચાલવામાં તકલીફ પડે છે.



**બેસણું**

અમારા પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ.સુમનબેન ચંદ્કાન્તભાઈ સુખડિયા (ઉ.વ.૬૮) તા.૩૦-૮-૨૦૧૫,રવિવાર રોજ નિકુંજવાસ પામેલ છે. સદ્ગતનું બેસણું સોમવાર,તા.૭-૯-૨૦૧૫ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.

સ્થળ : લગ્નવાડી, શોપીંગ પાછળ, સેક્ટર-૨૩, ગાંધીનગર

યોગેશભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડિયા (પુત્ર) જીતેન્દ્રભાઈ સાંકળચંદ સુખડિયા (દિયર)
રાકેશભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડિયા (પુત્ર)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

શ્રી વિઠ્ઠલદાસ પિતાંબરદાસ સુખડિયા પરિવાર - રાંધેજાવાળા હાલ-ગાંધીનગર
વૃન્દાવન સ્વીટ્સ એન્ડ નમકીન-સે.૨૧, સે.૭
જય અંબે સ્વીટ માર્ટ-સે.૨૨, ઘ-૫



**બેસણું**

અમારા માતૃશ્રી સ્વ. શાંતાબેન જગાજી વાઘેલાનું દુઃખદ અવસાન તા.૩/૯/૨૦૧૫ને ગુરૂવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૭/૯/૨૦૧૫ને સોમવારે સવારે ૯ થી ૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ડૉ. હાઉસની પાછળ, રાજીબા સ્કુલની સામે, પાલનપુર, જિ. બનાસકાંઠા

લિ.

કરશનજી જગાજી વાઘેલા (પ્રમુખ, બક્ષીપંચ મોરચો, બ.કાં. ભાજપા)
સ્વ. મફાજી જગાજી વાઘેલા
સોમાજી જગાજી વાઘેલા
કનાજી જગાજી વાઘેલા
પરથીજી ધર્માજી વાઘેલા
બાજુજી ભગુજી વાઘેલા
સ્વ. મગનજી હીરાજી વાઘેલા
દલપતજી જલાજી વાઘેલા
તથા સમસ્ત વાઘેલા પરિવાર
મો. ૯૮૨૫૩ ૧૫૩૧૩

THEATRE WORKSHOP AGE 6 TO 12 YEARS STAGE ONE
SATURDAY 12 & SUNDAY 13/9/15
imagenie CALL: 8980225996, 9978988428

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com